# BUSINESS મિત્ર

# શેરબજારમાં સતત પમા દિવસે 'તેજીની પંચક'!

**ક્રુડના** ભાવ સતત નીચે, શેરબજાર સતત ઉંચું, રોકાણકારોની કમાણી રૂ.૩ લાખ કરોડ વધી

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 18:** ક્રુડ ઓઇલના સ્લિપેજના કારણે આજે પણ ભારતીય શેરબજારમાં તેજી ચાલુ રહી હતી. શુક્રવારે અમેરિકા અને ઈરાનની વચ્ચે શાંતિ માટેના કરાર થઇ જશે, ત્યારબાદ શેરબજારમાં તેજીનો દોર આગળ વધશે. જોકે, આજે બીએસઇ એકસપાયરી હોવા છતાં શેરબજારમાં તેજીનો દોર જળવાઇ રહ્યો હતો. શોર્ટ કવરીંગના કારણે તેજીને વધુ સપોર્ટ મળ્યો હતો. શેરબજારમાં લાર્જકેપ શેરોની સરખામણીએ બ્રોડર માર્કેટમાં વધુ સારૂં પ્રદર્શન જોવાયું હતું.

આઈટી સેકટર દ્વારા દબાણ આવ્યું હતું, પરંતુ તેની સામે અન્ય સેકટરોમાં લેવાલીના જોરે શેરબજારમાં સતત પાંચમા દિવસે તેજી જળવાઇ રહી હતી. આ ઉપરાંત, અમેરિકાના ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદર જાળવી રાખવામાં આવ્યા હતા, પણ આ વ્યાજદર લાંબા સમય સુધી ઉંચા રહેશે તેવી અપેક્ષાના લીધે આઈટી શેરોમાં દબાણ વધ્યું હતું. જેની પણ વૈશ્વિક બજારમાં પોઝિટિવ અસર જોવા મળી હતી. સેકટર વાઇઝ જોઇએ તો આઇટી શેરોમાં નરમાઇ રહી હતી, જેનાથી નિફ્ટી આઇટી ઇન્ડેક્સ એક ટકા જેટલો નબળો પડ્યો હતો. જ્યારે ફાર્મા, પીએસયુ બેન્ક અને રિયલ્ટી સેકટરમાં મજબૂતાઇ જોવા મળી હતી. નિફ્ટી પ્રાઈવેટ બેન્કમાં પણ અડધા ટકાની મજબૂતી જોવા મળી હતી. જેના કારણે રોકાણકારોએ વધુ 3 લાખ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. જેથી બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 477 લાખ કરોડ ઉપર પહોંચી ગયું હતું.

બીએસઈ સેન્સેક્સ 254.36 પોઈન્ટ એટલે કે 0.33 ટકા સુધરીને 77409.98 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 77492 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76953 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 82.30 પોઈન્ટ એટલે કે 0.34 ટકા વધીને 24168 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટી 24150 પોઈન્ટની ઉપર બંધ રહી હતી. ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24189 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24036 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 378.75 પોઈન્ટ એટલે કે 0.66 ટકા વધીને 57963.80 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે પ્રોકટર એન્ડ ગેમ્બલ હાઈજીનમાં 320.13 ગણા, વેદાન્ત ફેશનમાં 35.17 ગણા, ન્યુ ઈન્ડિયા એન્સ્યોરન્સમાં 20.26 ગણા, સુપ્રીમ ઈન્ડ.માં 11.89 ગણા અને દેવયાની ઈન્ટરનેશનલમાં 9.58 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ન્યુ ઈન્ડિયા એન્સ્યોરન્સમાં 84.52 ગણા, બાટા ઈન્ડિયામાં 24.26 ગણા, સ્ટાર હેલ્થમાં 13.02 ગણા, રેડીન્ગટનમાં 8.83 ગણા અને કાર્બોન્ડમ યુનિવર્સલમાં 7.75 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં સારૂ પ્રદર્શન રહ્યું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.41 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.67 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત જોવાયો હતો. બીએસઇ ખાતે 2425 શેરો વધ્યા હતા, જ્યારે 1811 શેરો ઘટયા હતા અને 192 શેરો યથાવત જોવા મળ્યા હતા. બીજી તરફ, ક્રુડ ઓઇલના ઘટી રહેલા ભાવોના કારણે રૂપિયામાં પણ સુધારો આગળ વધતો જોવા મળ્યો હતો. આજે બ્રેન્ટ ક્રુડ વધુ 2.11 ટકા ઘટીને 77.87 ડોલર પ્રતિ બેરલ પર બંધ રહ્યો હતો.

નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 1.19 ટકા ઘટ્યો હતો. જે છેલ્લા ત્રણ ટ્રેડિંગ સેશનમાં 3.68 ટકા જેટલો ઘટ્યો છે. જેમાં ઈન્ફોસીસ, પરસીસ્ટન્ટ સીસ્ટમ, ટેક મહિન્દ્રા, વિપ્રો અને ટીસીએસ સૌથી વધુ ઘટ્યા હતા. તેની સાથે ઓરેકલ ફાઈ. સર્વિસીસ, એચસીએલ ટેકનો, એમફાસીસ પણ ઘટયા હતા. જેમાં યુએસ ફેડરલે વ્યાજદર યથાવત રાખતા સેન્ટિમેન્ટ નબળું પડ્યું હતું. સાવચેતીભર્યા દ્રષ્ટિકોણથી ભારતીય આઈટી શેરો સાવચેત જોવાયા હતા, કેમ કે તેમની આવકનો મોટો હિસ્સો ઉત્તર અમેરિકાથી આવે છે.

વૈશ્વિક સ્તરે ડાઉ જોન્સ ફ્યુચર 193 પોઈન્ટ વધ્યો હતો, જે આજે અમેરિકન શેરોમાં પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. બેન્ક ઓફ ઈંગ્લેન્ડ અને સ્વીસ નેશનલ બેન્ક વ્યાજદરના નિર્ણયો પહેલા મોટા ભાગના યુરોપિયન બજારોમાં ઘટાડો થયો હતો. જ્યારે ફેડરલ રિઝર્વે વ્યાજદર યથાવત રહેતા એશિયન બજારો મિશ્ર રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 1.04 ટકા અને કેક 0.07 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે ડેક્સ 0.10 ટકાના નજીવા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.75 ટકા, સ્ટ્રેઈટસ 0.70 ટકા, તાઈવાન 1.27 ટકા, કોસ્પી 2.20 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 1.97 ટકા, જકાર્તા 0.79 ટકા અને શાંઘાઇ 0.43 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયામાં સુધારો આગળ વધ્યો

ક્રુડના ભાવમાં સતત ઘટાડાની અસર રૂપિયા પર પડી રહી છે અને ડોલરની સામે રૂપિયો સતત વધીને મજબૂત થઇ રહ્યો છે. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 21 પૈસા ઉછળીને 94.33ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.54ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 108.42, પાઉન્ડ 124.11, કેનેડિયન ડોલર 66.90, ઓસ્ટ્રેલિયન ડોલર 66.02, જાપાનીઝ યેન 0.5864 અને સીંગાપોર ડોલર 73.12ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.33 રૂ. |
| યુરો | 108.42 રૂ. |
| પાઉન્ડ | 124.11 રૂ. |
| યેન | 0.5863 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 254.36 | 77409.98 |
| નિફ્ટી | 82.30 | 24168.00 |
| બેન્ક નિફ્ટી | 378.75 | 57963.80 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મેક્સ હેલ્થકેર | 6.27 | 1090.45 |
| ઇન્ટરગ્લોબ | 2.73 | 5011.80 |
| ટ્રેન્ટ | 2.48 | 3179.70 |
| બીઇએલ | 2.08 | 428.60 |
| અદાણી એન્ટર | 2.08 | 3013.40 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 2.61 | 1127.50 |
| ટાટા કન્ઝ્યુમર | 1.16 | 1111.40 |
| મારૂતિ સુઝુકી | 1.07 | 13484.00 |
| ટેક મહિન્દ્રા | 1.01 | 1447.70 |
| ટીસીએસ | 0.89 | 2203.30 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ | 2.73 | 5011.70 |
| ટ્રેન્ટ | 2.52 | 3179.70 |
| બીઇએલ | 2.08 | 428.55 |
| એનટીપીસી | 1.86 | 362.00 |
| એસબીઆઇ | 1.64 | 1042.85 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 2.66 | 1127.25 |
| ટેક મહિન્દ્રા | 1.07 | 1446.30 |
| મારૂતિ સુઝુકી | 1.04 | 13490.00 |
| ટીસીએસ | 0.82 | 2204.30 |
| લાર્સન-ટુબ્રો | 0.41 | 4189.60 |

# NSEનો IPO: હિસ્સો ધરાવતી કંપનીઓના શેર બન્યા 'રોકેટ'

**એલઆઇસી**, ન્યુ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ, એસબીઆઇ, બેન્ક ઓફ બરોડા સહિતના શેરો ઉછળ્યા

**ન્યુ** ઇન્ડિયા ઇન્સ્યોરન્સ ૧૪% ઉછળ્યો; એસબીઆઈ રૂ.૨ કરોડના રોકાણ સામે રૂ.૫,૦૦૦ કરોડનો નફો રળશે

મુંબઇ, તા. 18: એનએસઈમાં હિસ્સો ધરાવતી બેન્કો અને સંસ્થાકીય કંપનીઓના શેરોના ભાવ રોકેટ બન્યા હતા. એનએસઈએ ગઈકાલે આઈપીઓ માટે સેબી પાસે ડીઆરએચપી ફાઈલ કર્યા બાદ આ હિસ્સો ધરાવતી કંપનીઓના શેરોમાં જબરજસ્ત ઉછાળો આવ્યો હતો.

આ ફાઈલમાં જણાવાયું છે કે, એનએસઈનો આઈપીઓ સંપુર્ણ ઓએફએસ હશે, જેમાં 14.89 કરોડ શેરો વેચશે. જોકે, ઘણા શેરહોલ્ડરો પોતાનો હિસ્સો વેચવાના નથી, જેમાં એસબીઆઈ, બેન્ક ઓફ બરોડા, જનરલ ઈન્સ્યોરન્સ, ન્યુ ઈન્ડિયા ઈન્યસ્યોરન્સ અને એલઆઈસીનો સમાવેશ થાય છે. જેમાં ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સમાં સૌથી વધુ 14 ટકાનો ઉછાળો આવ્યો હતો.

આ ઓએફએસમાં એસબીઆઈ 2.48 કરોડ શેરો વેચશે. એમએસ સ્ટ્રેટેજિક મોરેશિયસ 1.6 કરોડ શેર વેચશે. એનએસઈમાં એલઆઈસીનો સૌથી મોટો હિસ્સો હોવા છતાં તેઓ શેર વેચવાના નથી, જેથી એલઆઈસીના શેર પણ ઉછળ્યા હતા. એનએસઈ ઓએફએસમાં કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ 1.19 કરોડ શેર વેચશે. અરાન્ડા ઈન્વેસ્ટમેન્ટ 1.12 કરોડ ,બેન્ક ઓફ બરોડા 1.1 કરોડ, સ્ટોક હોલ્ડીંગ કોર્પોરેશન 1.09 કરોડ, જનરલ ઈન્સ્યોરેન્સ 1.07 કરડો અને ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ 1.05 કરોડ શેર વેચશે.

સ્ટેટ બેન્કનો એનએસઈમાં 3.23 ટકા હિસ્સો છે, જેની પેટા કંપની એસબીઆઈ કેપિટલ માર્કેટસ 4.33 ટકા હિસ્સો ધરાવે છે. સ્ટોક હોલ્ડીંગ કોર્પોરેશન એનએસઈમાં 4.44 ટકા હિસ્સો ધરાવે છે.

# એનએસઈનું વેલ્યુએશન 5 લાખ કરોડ, પણ બીએસઈથી 20 ટકા ડિસ્કાઉન્ટમાં!!!

**એનએસઇનો** આઇપીઓ સંપુર્ણ ઓએફએસ હશે, જે 30000 કરોડનો રહી શકે

મુંબઈ, તા. 18: એનએસઈનું મુલ્ય આશરે 5 લાખ કરોડ રૂપિયા થવાની ધારણા છે. કમાણીના આધારે જોઈએ તો બીએસઈના વેલ્યુએશન કરતા 15થી 20 ટકા ઓછું છે. એનએસઈએ 17 જુને સેબી પાસે આઈપીઓ કાગળો દાખલ કર્યા છે. આ પછી આ આઈપીઓને લઈને હંગામો મચી ગયો છે.

એનએસઈ આઈપીઓ સંપુર્ણ ઓફર ફોર સેલ હશે. હાલના શેરહોલ્ડરો ઓએફએસ મારફતે 6 ટકા જેટલો હિસ્સો વેચશે. જેના લીધે આઈપીઓ રૂ. 30000 કરોડની આસાપાસનો રહેવાની ધારણા છે.

2026ના વર્ષ દરમ્યાન બીએસઈના શેરમાં 53 ટકાનો વધારો થયો છે, જેથી બીએસઈનું માર્કેટ કેપિટલાઈઝેશન આશરે રૂપિયા 1.65 લાખ કરોડ છે. ઉલ્લેખનીય છે કે, બીએસઈ એશિયાનું સૌથી જુનું સ્ટોક એકસચેન્જ છે. તેનો શેર એનએસઈ પર લિસ્ટેડ છે, એનએસઈનો શેર પણ માત્ર બીએસઈ પર લિસ્ટેડ થશે.

એનએસઈના ડીઆરએચપી અનુસાર, નાણાકીય વર્ષ 2026માં એનએસઈની આવક 16601 કરોડ રૂપિયા હતી. તેની સરખામણીમાં બીએસઈની આવક 4834 કરોડ રૂપિયા છે. એનએસઈનો ટેક્સ પછીનો નફો 10302 કરોડ રૂપિયા રહ્યો છે, જ્યારે બીએસઈનો 2487 કરોડ રૂપિયા છે. નાણાકીય વર્ષ 2026માં, એનએસઈની ટ્રાન્ઝેક્શન ચાર્જથી 13057 કરોડ રૂપિયાની આવક હતી, જ્યારે બીએસઈની આવક 3795 કરોડ રૂપિયા હતી.

દેશમાં માત્ર બે મોટા એકસચેન્જ છે, જેમાંથી એકનો આઈપીઓ આવી ગયો છે, બીજાની તૈયારી ચાલી રહી છે. આ બંને એકસચેન્જ સારૂં પ્રદર્શન કરી રહ્યા છે અને કરશે. એનએસઈના આઈપીઓ પછી સંસ્થાકીય ભાગીદારી વધી શકે છે.

## ભારતની સૌર ઉર્જા ક્ષમતા ૧૫૭ ગીગાવોટે પહોંચી

મુંબઈ, તા. 18: ભારત આબોહવા લક્ષ્યાંકો અને વધતી વીજ માંગને પહોંચી વળવા સ્વચ્છ ઉર્જા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. દેશની કુલ સ્થાપિત વીજ ક્ષમતા મે ૨૦૨૬માં ૫૪૨ ગીગાવોટ (GW) ને વટાવી ગઈ છે, જેમાં નવીનીકરણીય (રિન્યુએબલ) ઉર્જાનો હિસ્સો ૪૨.૫૫% એ પહોંચી ગયો છે. જો કે, દેશમાં વીજ ઉત્પાદન માટે કોલસો હજુ પણ ૪૧.૨% હિસ્સા સાથે સૌથી મોટો સ્ત્રોત છે, પરંતુ ગ્રીન એનર્જી તેને જોરદાર ટક્કર આપી રહી છે. આ ગ્રીન ક્રાંતિમાં સૌર ઉર્જા સૌથી મોટું ચાલક બળ બન્યું છે. વર્ષ ૨૦૨૬ના પ્રથમ પાંચ મહિનામાં ભારતે રેકોર્ડ ૨૧,૨૩૬ મેગાવોટ નવી સૌર ક્ષમતા ઉમેરી છે, જે ગત વર્ષની સરખામણીએ સ્થાપનામાં ૪૧% થી વધુનો વાર્ષિક વધારો દર્શાવે છે. આ સાથે ભારતની કુલ સૌર ક્ષમતા હવે ૧૫૭ GW થઇ ગઇ છે, જે કુલ રિન્યુએબલ પોર્ટફોલિયોના ૬૮% અને દેશની કુલ વીજ ક્ષમતાના ૨૯% છે. સરકારની પ્રોત્સાહક નીતિઓ જેમ કે PLI સ્કીમ અને ALMM ને કારણે દેશમાં સૌર મોડ્યુલ ઉત્પાદન ક્ષમતા ૨૦૦ GW અને સેલ ક્ષમતા ૨૭ GW સુધી વિસ્તરી છે, જેનાથી વિદેશી આયાત પર નિર્ભરતા ઘટી છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — **નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ ’’ | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ ’’ | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૨૮૮૦ |
| તેજાબી સોનું | ૧૫૨૭૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૫૨૩૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૯૮૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૨૮૮૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૬૪૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૭૯૦૦ |


# દેશમાં સોનાની આયાતમાં ૭૦%નો મોટો કડાકો

**વોલ્યુમ** ઘટવા છતાં મે મહિનામાં ગોલ્ડ ઈમ્પોર્ટ વેલ્યુ ૩૪% વધીને $3.૪૧ અબજ થઈ

નવી દિલ્હી, તા. 18: સોના પર આયાત ડ્યૂટીમાં ભારે વધારાની અસર હવે સ્પષ્ટ દેખાઇ રહી છે. સરકારે કસ્ટમ ડ્યૂટી 6 ટકાથી વધારીને 15 ટકા કર્યા બાદ દેશમાં સોનાની આયાતમાં લગભગ 70 ટકાનો ઘટાડો થયો છે. એક સરકારી અધિકારીના જણાવ્યા અનુસાર, જ્યાં પહેલાદર મહિને 75થી 100 ટન સોનાની આયાત થતી હતી, હવે તે ઘટીને 25થી 30 ટનની વચ્ચે રહીગઇ છે. 13 મેના રોજ નવી ડ્યૂટી લાગુ કરવામાં આવી હતી, જેના પગલે આયાતમાં તીવ્ર ઘટાડો થયો છે.

જો કે, વોલ્યુમમાં ઘટાડો હોવા છતાં, કિંમતની દ્રષ્ટિએ ચિત્ર અલગ લાગે છે. મે મહિનામાં સોનાનું આયાત મુલ્ય વાર્ષિક ધોરણે 34 ટકા વધીને 3.41 અબજ ડોલર થયું હતું. આનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ ઊંચા છે. એ જ રીતે એપ્રિલ અને મે મહિનામાં કુલ આયાત 60.14 ટકા વધીને 9.04 અબજ ડોલર થઇ છે.

# શ્રી રામ મંદિરમાં ચોરીના પુરાવાનો નાશ કરવા CCTV ફૂટેજ ડિલિટ કરવામાં આવ્યા હતા




અયોધ્યામાં શ્રી રામ મંદિર માટે દાનની ચોરી અંગે સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની તપાસ ત્રીજા દિવસે પણ ચાલુ રહી હતી. હવે એવા પુરાવા બહાર આવ્યા છે જે શંકા ઉભી કરે છે કે ભંડોળની ચોરીના પુરાવા ભૂંસી નાખવા માટે CCTV ફૂટેજ સાથે છેડછાડ કરવામાં આવી હતી. તપાસ ટીમે ટીનુ યાદવ તરીકે જાણીતા રામાશંકર યાદવની પણ લાંબી પૂછપરછ કરી હતી. SIT ચંપત રાય, ગોપાલ રાવ અને રામ મંદિર ટ્રસ્ટના ઘણા અન્ય અધિકારીઓ અને તેમની સાથે સંકળાયેલા લોકોની ઊંડાણપૂર્વક પૂછપરછ કરી રહી છે. આ લોકો ઘણા પ્રશ્નોના જવાબ આપી શકતા નથી તેમ જ ઘણા પ્રશ્નોના અસ્પષ્ટ જવાબો આપી રહ્યા છે. SIT આપેલા દાનના રેકોર્ડથી પણ સંતુષ્ટ નથી, કારણ કે તેમાં ઘણી બાબતો અસ્પષ્ટ છે. વિશેષ તપાસ ટીમે પૂછપરછ માટે લગભગ બસો લોકોની યાદી તૈયાર કરી છે. તેમાંથી તેણે એકસો પચીસ લોકોની પૂછપરછ કરી છે. SIT એ પાંચ ધરપકડ કરાયેલા શંકાસ્પદોની પણ પૂછપરછ કરી છે. તેમની પાસેથી પૈસા પણ જપ્ત કરવામાં આવ્યા છે. આ શંકાસ્પદોએ આ કૌભાંડમાં સામેલ ઘણા લોકોનાં નામ જાહેર કર્યાં છે.

તપાસ દરમિયાન ટ્રસ્ટના નાણાંકીય દસ્તાવેજોમાંથી અનેક તથ્યો બહાર આવ્યાં છે, જે સુરક્ષા અને નાણાકીય દેખરેખ અંગે નવા પ્રશ્નો ઉભા કરે છે. દસ્તાવેજો અનુસાર ૧૧ મહિનામાં મંદિર સંકુલની સુરક્ષા પાછળ આશરે ૧૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા, પરંતુ આ જ સમયગાળા દરમિયાન દાન પેટીઓમાંથી ચોરીની જાણ કરવામાં આવી હતી. ૨૧ માર્ચે ટ્રસ્ટની બેઠકમાં ૧ એપ્રિલ, ૨૦૨૫ થી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધીની આવક અને ખર્ચનું નિવેદન રજૂ કરવામાં આવ્યું હતું. આ નિવેદનમાં સુરક્ષા પાછળ આશરે ૧૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યાનો ઉલ્લેખ છે. શ્રી રામ મંદિર સંકુલની અંદર અત્યાધુનિક સીસીટીવી કેમેરા, ખાનગી સુરક્ષા કર્મચારીઓ અને બહુ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થાની હાજરી હોવા છતાં દાન પેટીઓમાંથી પૈસા અને દાગીનાની ચોરીએ સુરક્ષા વ્યવસ્થાની અસરકારકતા પર પ્રશ્નો ઊભા કર્યા છે. ઉત્તર પ્રદેશ યુવા કોંગ્રેસના રાજ્ય ઉપાધ્યક્ષ શરદ શુક્લાએ દાવો કર્યો હતો કે રામ મંદિર ટ્રસ્ટે સરકારી મૂલ્યાંકન કરતાં અનેક ગણા વધુ ભાવે જમીન ખરીદી હતી, જેની પણ નિષ્પક્ષ તપાસ થવી જોઈએ.

રામ મંદિર દાન ચોરી કેસમાં રોજ નવી કડીઓ ઉમેરાઈ રહી છે. જેમ જેમ તપાસ આગળ વધી રહી છે તેમ તેમ એ સ્પષ્ટ થઈ રહ્યું છે કે મોટા લોકોને બચાવવા માટે નાના કર્મચારીઓને બલિના બકરાં બનાવવામાં આવી રહ્યા છે. SIT ને એવા પુરાવા મળ્યા છે જે શંકા ઊભી કરે છે કે પૈસા ટ્રાન્સફર કરવા અને પુરાવા ભૂંસી નાખવા માટે CCTV ફૂટેજ સાથે છેડછાડ કરવામાં આવી હતી. દાનની ગણતરીની પ્રક્રિયામાં બેન્કે મુખ્ય ભૂમિકા ભજવી હતી. દાનની ગણતરી બેન્કના કર્મચારીઓની હાજરીમાં કરવામાં આવી હતી. SIT ની તપાસમાં બેન્ક તરફથી બેદરકારી બહાર આવી છે. આ પ્રક્રિયામાં તેમની ભૂમિકા શંકાસ્પદ છે. પ્રાપ્ત માહિતી સૂચવે છે કે બેન્કના કર્મચારીઓ ટ્રસ્ટના અધિકારીઓના દબાણ હેઠળ હતા, તેથી તેઓ હસ્તક્ષેપ કરવામાં અસમર્થ હતા.

SIT એ ત્રીજા દિવસે ટીનુ યાદવની વ્યાપક પૂછપરછ કરી હતી. SIT એ તેના કામ વિશે ખાસ કરીને દાનની ગણતરી કરવામાં તેની ભૂમિકા વિશે પૂછપરછ કરી હતી. ટીનુએ કોઈપણ સંડોવણીનો સ્પષ્ટપણે ઇનકાર કર્યો હતો. તેણે કહ્યું કે તેણે કંઈપણ ઉચાપત કે ચોરી કરી નથી. તેણે ફક્ત મંદિરની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેણે ટ્રસ્ટના સભ્ય અનિલ મિશ્રાનું નામ લીધું અને તેમની જવાબદારીઓ વર્ણવી હતી. તેણે ત્રણ ગણતરી પ્રભારીઓનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આ વ્યક્તિઓ દાનની ગણતરી માટે જવાબદાર હતા. ટીનુની વધુ પૂછપરછ થઈ શકે છે.

રામ મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયના ભૂતપૂર્વ ડ્રાઇવર રામશંકર યાદવ ટીનુએ તેના પરના તમામ આરોપોને ખોટા અને પાયાવિહોણા ગણાવ્યા છે. એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા તેણે કહ્યું કે તે ઘણાં વર્ષોથી વિશ્વ હિન્દુ પરિષદ સાથે જોડાયેલો છે. તે સંગઠન માટેના કામની સાથે ઓટો-રિક્ષા પણ ચલાવતો હતો. તેણે આમાંથી થતી આવક એકઠી કરી અને ૨૦૦૮ માં જમીન ખરીદી હતી. ૨૦૧૫-૧૬ માં તેણે તે જ જમીન પર બાંધકામ શરૂ કર્યું, જે ૨૦૧૯ માં રામ મંદિરનો ચુકાદો જાહેર થાય તે પહેલાં પૂર્ણ થયું હતું. તેનો કોઈ હોટલ કે રેસ્ટોરન્ટમાં કોઈ હિસ્સો નથી. તેના પરના બધા આરોપો ખોટા છે અને તે મંદિર માટે નિઃસ્વાર્થપણે કામ કરી રહ્યો છે.

રામશંકર યાદવ ઉર્ફે ટીનુનું અચાનક હાજર થવું અને શ્રી રામ મંદિરમાં ચઢાવાયેલા પ્રસાદના દુરુપયોગના કેસમાં તેનું નિવેદન ઘણા પ્રશ્નો ઉભા કરે છે. આ મામલે સૌથી વધુ પ્રશ્નોનો સામનો કરનાર ટીનુ છે. તે આટલા લાંબા સમય સુધી મૌન રહ્યા પછી સોમવારે તેણે એક વિડીયો નિવેદન બહાર પાડ્યું અને અનેક મીડિયા સંગઠનોને ઇન્ટરવ્યુ પણ આપ્યા. આ પાછળ કોઈ મોટી રમત હોવાની શંકા છે. એવું માનવામાં આવે છે કે તેને ટ્રસ્ટના કેટલાક અધિકારીઓનો બચાવ કરવા માટે મેદાનમાં લાવવામાં આવ્યો છે. તેણે ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયના પક્ષમાં વાત કરી છે, જ્યારે અન્ય ઘણા લોકો પર પ્રશ્નો ઉભા કર્યા છે, જે શંકા પેદા કરે તેવા છે. ચોરીના કૌભાંડમાં ચંપત રાયને બચાવીને બીજા કોઈને બલિનો બકરો બનાવવાની તૈયારી ચાલી રહી જણાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાય, ટ્રસ્ટીઓ અનિલ મિશ્રા, ગોપાલ રાવ અને ટીનુની આ મામલે સૌથી વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે. આ બધાએ દાનના સંચાલનથી લઈને મંદિરની પ્રગતિનું સંચાલન કરવા સુધીની વિવિધ મહત્ત્વપૂર્ણ મંદિર વ્યવસ્થામાં ભૂમિકા ભજવી હોવાનું કહેવાય છે. ગોપાલ રાવ મંદિરના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, પરંતુ એવું પણ માનવામાં આવે છે કે તેઓ મહત્ત્વપૂર્ણ બાબતોમાં દખલગીરી કરે છે. અહેવાલો સૂચવે છે કે અનિલ મિશ્રા કેરળમાં છે. પ્રશ્ન એ છે કે અનિલ મિશ્રા અયોધ્યા કેમ છોડી ગયા? આ રણનીતિ છે કે સંયોગ તે ચર્ચાનો વિષય છે. ટીનુએ તેના વિશે પણ પ્રશ્નો ઉભા કર્યા છે, જેના કારણે તેની પૂછપરછ જરૂરી બની ગઈ છે. તપાસ એજન્સીઓ તેની પૂછપરછ ક્યારે કરશે તે સ્પષ્ટ નથી.

શ્રી રામ મંદિર ટ્રસ્ટના અહેવાલ મુજબ છેલ્લા ૧૧ મહિના દરમિયાન ટ્રસ્ટને વિવિધ માધ્યમો દ્વારા આશરે ૮૩ કરોડ રૂપિયાનું દાન મળ્યું છે. જેમાં ૫૫ કરોડ રૂપિયા બોક્સમાંથી, ૧૮ કરોડ રૂપિયા કાઉન્ટરમાંથી, ૮ કરોડ રૂપિયા ઓનલાઈન, ૭૮ લાખ રૂપિયા વિદેશી યાત્રાળુઓ પાસેથી અને ૧.૨૨ લાખ રૂપિયા અન્ય સ્ત્રોતોમાંથી મળ્યા છે. ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ ડીજીપી વિક્રમ સિંહે કહ્યું કે દરરોજ લાખો અને કરોડોના દાન આવે છે. એવો અહેવાલ છે કે સોનું, ચાંદી, રત્નો અને હીરા જડિત દાગીના પણ મળ્યા છે. આ કોઈ સામાન્ય ગુનો નથી, પરંતુ એક ગંભીર પાપ છે. મંદિરના સંચાલન અને દાન વ્યવસ્થાપનમાં જરૂરી કાર્યક્ષમતા અને પારદર્શિતાનો અભાવ છે. એક SIT ની રચના કરવામાં આવી છે. આ મામલે ગુનો નોંધવો જોઈએ. મારા મતે, તપાસ સીબીઆઈને સોંપવી જોઈએ. મંદિર લગભગ ૩૦૦-૪૦૦ વર્ષના લાંબા સંઘર્ષ પછી બનાવવામાં આવ્યું હતું. જો આવા ઐતિહાસિક અને પવિત્ર સ્થળ પર કોઈ ભંગ અથવા નાણાકીય અનિયમિતતા થઈ હોય, તો ગુનેગારોને ઓળખીને એવી રીતે સજા થવી જોઈએ કે જે એક ઉદાહરણ બેસાડે.

ભૂતપૂર્વ ડીજીપી એ.કે. જૈને જણાવ્યું હતું કે દાનની રકમની ઉચાપતનો જે મામલો પ્રકાશમાં આવ્યો છે તે એક ગુનાહિત ઘટના છે. આમાં કેસ નોંધવો જોઈએ. તપાસમાં જે કોઈ દોષિત ઠરે છે તેમની સામે કડક કાર્યવાહી કરીને તેમને જેલમાં મોકલવા જોઈએ. ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા માટે, મંદિર વહીવટ સાથે પોલીસ અને અન્ય એજન્સીઓ દ્વારા દેખરેખ પ્રણાલી બનાવવી જોઈએ. આ ઘટનાથી છબી ખરડાઈ છે, તેથી નિષ્પક્ષ તપાસ જરૂરી છે.

SIT એ ધરપકડ કરાયેલા પાંચ શંકાસ્પદોની પણ પૂછપરછ કરી છે. તેમની પાસેથી પૈસા પણ જપ્ત કરવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ શંકાસ્પદોએ આ કૌભાંડમાં સંડોવાયેલાં અનેક લોકોનાં નામો જાહેર કર્યાં છે. તપાસ ટીમ હવે તેમનાં નિવેદનોની ચકાસણી કરી રહી છે. હવે પ્રશ્ન એ છે કે SIT ની તપાસ દરમિયાન FIR દાખલ કરવામાં આવશે કે તે પૂર્ણ થયા પછી? શું આ કેસમાં FIR દાખલ કરવામાં આવશે કે નહીં? આ પ્રશ્ન અનુત્તરિત રહે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪**

**રામ મંદિર દાન ચોરીના કેસમાં જેમ જેમ તપાસ આગળ વધી રહી છે તેમ તેમ સ્પષ્ટ થઈ રહ્યું છે કે મોટા લોકોને બચાવવા માટે નાના કર્મચારીઓને બલિના બકરા બનાવવામાં આવી રહ્યા છે**


**ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી**
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**નોકરી વિષયક**

**જોઈએ છે**
ડેટા એન્ટ્રી માટે લેડીઝ, માર્કેટીંગ સ્ટાફ, અનુભવી એકાઉન્ટન્ટ, હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ. 9687580001

**સ્ટીલ ફેબ્રિકેશન**
કામને લગતા તમામ કારીગરોની જરૂરિયાત છે. હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ Mo. 8488883099

**શિક્ષકો જોઈએ છે**
ગુજરાતી મીડિયમ ધો.5થી 9માં ગણિત, વિજ્ઞાન કોમ્પ્યુટર ભણાવે તેવા શિક્ષકો અરજી સાથે તાત્કાલિક જરૂરી ડોક્યુમેન્ટ લઈ બે દિવસમાં રૂબરૂ મળો. સવારે 10થી 1, મણીબાવિદ્યા સંકુલ,યમુનાપાર્ક સોસાયટી, ડભોલીરોડ, સુરત. 9925243784 (163)

**જોઈએ છે**
એમેઝોન, ફ્લીપકાર્ટ સંભાળી શકે તેવો અનુભવી સ્ટાફ (લેડીઝ) અડાજણ. 909-909-0770

**જોઈએ છે**
ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અનુદાનિત લોક સમર્પણ ટ્રસ્ટ અને શ્રી રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંસ્થામાં ટી.આઈ પ્રોજેકટ માટે સ્ટાફના ફિક્સ પગારથી ઈન્ટરવ્યૂ રાખેલ છે. આઉટરીચ વર્કર (2) લાયકાત 12 પાસ અથવા સ્નાતક વેતન 10500/- TA 1500/- ઈન્ટરવ્યૂ તારીખ - 24/06/2026 સમય 11 થી 1 ઈન્ટરવ્યૂ સ્થળ - લોક સમર્પણ ટ્રસ્ટ, મીરાનગર ,મીની બજાર ,સુરત (મો.નં 9925331884 - 7984594100) (164)

**ટેલી કોલિંગ કરી**
શકે તેવી છોકરીઓ જોઈએ છે. Mo.No. 9974252925

**જોઈએ છે**
ફેબ્રીકેશન તથા મશીનીંગનાં કામ માટે અનુભવી/ ફ્રેશ એન્જિનિયર/ સુપરવાઈઝર તથા કમ્પ્યુટર માટે અનુભવી યુવક ઉમેદવાર રૂબરૂ સંપર્ક કરો. મંગળવારથી શનિવાર મેટ્રો સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ પ્લોટ બી- 244, રોડ નં- 6 નવી વસાહત ઉદ્યોગનગર ઉધના- બપોરે- 12.30થી 5.00 દરમિયાન

**જોઈએ છે**
અનુભવી ટર્નર કમ વેલ્ડર કતારગામ GIDC. 9825304506, 9825651072,

**મિલ્કત વેચવાની છે**

**બમ્પર રનીંગ ઈન્કમ**
આપતી મોટી દુકાન અડાજણમાં પોષ એરીયામાં વેચવાની છે. 9157622115

**પ્લોટ વેચવાનો છે**
સ્વાતિ સોસાયટી વિભાગ- 3, નાના વરાછા. મો. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા કણજા 9687580001

**અડાજણ આનંદમહેલ**
રોડ 150 વારનું ઘર વેચવાનું દલાલ માફ. 9601662923

**પ્લોટ વેચવાના છે**
વડોદરા આજવા રોડ સાકરિયા ગોદરેજ પહેલા
12000 પ્લોટ 1.50 Cr NA
25000 પ્લોટ 2.80 Cr
M. 9537090962

**જહાંગીરપુરા**
સંકલ્પ રો હાઉસમાં ઘર વેચવાનું છે. 9601662923

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**જૂના જાણીતા**
રાજુભોદી કેરેલા, કન્યાકુમારી, રામેશ્વર, કોડાયકેનાલ, મદુરાઈ, ત્રિવેન્દ્રમ, જટાયુ, અદ્રપલ્લી ઉપડશે 11 સપ્ટેમ્બર, દિવસ 13, ટ્રેન, AC બસ, સ્ટાર હોટલ, કપલરૂમ, બ્રેકફાસ્ટ, ડિનર 9374512979 (162)

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
રેલ્વે દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યન્મૌત્રી, ગંગૌત્રી, સાથે હરિદ્વાર, ઋષિકેશ. તારીખ- 19/8, 4/9, 17/09/2026. દિવસ- 15. (2) દક્ષિણ ભારત, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, વિગેરે. તારીખ- 15/9, દિવસ- 12. (3) જગન્નાથપુરી, કલકત્તા, ગંગાસાગાર, કામાખ્યાદેવી. તારીખ- 25/9, દિવસ- 11 (4) બનારસ, અયોધ્યા, નેપાળ, પ્રયાગરાજ. તારીખ- 25/9, દિવસ- 10. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો: દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**(સાગર- 9427113317)**
દમણ, ઉનાઈ સાપુતારામાં નાઈટ, શનિ, રવિ, શ્રાવણમાં રામેશ્વરમ, તિરુપતિ, કન્યાકુમારી

**વ્યવસાયીક ધંધાકીય**

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**ઘરબેઠા TV, LCD**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile: 9825859049, 7859985601

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.